રેફરન્સ (એલ.સી.બી.) નં: ૪૬/૨૦૨૦

**—:આંક —૧ નીચે હુકમ :—**

હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી ધ્વારા અત્રેની અદાલતને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરતા અત્રેની અદાલતમાં રજીસ્ટરે નોંધવામાં આવેલ છે. જે છેલ્લા ૧ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.બીજા પક્ષકાર તરફે આજદીન સુધી માંગણાનું નિવેદન પણ રજુ કરવામાં આવેલ નથી કે આગળની કાર્યવાહી અર્થે કોઇપણ પક્ષકાર કે તેમના પ્રતિનિધી હાજર રહેલ નથી. આજરોજ પણ બીજા પક્ષકાર તથા તેમના વિ. પ્રતિનિધિશ્રીનો વારંવાર પોકાર કરાવવા છતાં તેઓ હાજર રહેલ નથી કે મુદત અરજી પણ રજુ રાખેલ નથી. આમ, બીજા પક્ષકાર તરફે હાલની અરજીની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ પ્રકારે રસ નહી હોવાનું જણાઈ આવતું હોઈ સદર અરજી વધુ સમય સુધી પડતર રાખી માત્ર કોર્ટના મહત્વના માનવ સમયનો બગાડ થવાથી વિશેષ કોઇ પરિણામ પ્રાપ્ત થાય તેમ નથી.જેથી હાલના તબકકે અરજી વધુ સમય સુધી પડતર રાખવી ઉચિત જણાઇ આવતુ ન હોઇ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય જણાય છે.

**—: હુકમ :—**

**૧.** આથી બીજા પક્ષકારની હાલની અરજી તથા હાલના કામે વચગાળાની કે અન્ય કોઇ અરજીઓ પડતર હોય તો તે તમામ બીજા પક્ષકાર તરફેની ગેરહાજરી તથા બેદરકારીને લીધે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**૩.** હુકમ નિયમ અનુસાર પ્રસિધ્ધિ માટે મોકલી આપવો.

તા.૧૨/૧૧/૨૦૨૧
સ્થળ : ભરૂચ.

(સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી)
જી.જે.૦૧૪૨૫
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૨,ભરૂચ.